હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

સાહેબ, એક અક્ષર આગળ પાછળ થઈ ગયો છે... નહીં ચાલે ??

સિવિલ હોસ્પિટલમાં ધક્કા એમ્બ્યુલન્સ..!

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એમ્બ્યુલન્સની હાલત કથળી ગઈ છે. એમ્બ્યુલન્સને પણ ગેરેજમાં સારવારની જરુરીયાત ઉભી થઈ છે. તાત્કાલીક વિભાગમાંથી ગંભીર રીતે ઈજા પામેલા દર્દીઓને એમ્બ્યુલન્સમાં અમદાવાદ સિવિલ વધુ સારવાર માટે ખસેડવામાં આવે છે.ત્યારે એમ્બ્યુલન્સને પણ ધક્કા મારી શરુ કરવી પડે તેવી સ્થિતિ નિર્માણ પામી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલમાં રોજના હજ્જારો દર્દીઓ સારવાર માટે આવે છે.ત્યારે મારામારી, અકસ્માત, પડી જવાથી, હાર્ટ સંબંધિત રોગ સહિતના દર્દીઓ સારવાર માટે તાત્કાલીક વિભાગમાં આવે છે.

સિવિલ હોસ્પિટલનો તાત્કાલીક વિભાગ રાત દિવસ દર્દીઓથી ધમધમતો રહે છે. ત્યારે ગંભીર ઈજાગ્રસ્ત દર્દીને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે ગાંધીનગર થી અમદાવાદ ખસેડવામાં આવે છે. ત્યારે સિવિલમાં અંદાજીત ૧૧ એમ્બ્યુલન્સ છે અને અંદાજે ૧૫ ડ્રાઈવર ફરજ બજાવે છે. ત્યારે ગાંધીનગર-અમદાવાદ દર્દીઓને લઈને રાત દિવસ દોડાદોડ કરતી એમ્બ્યુલન્સને પણ સારવારની જરુરુ હોય તેમ લાગી રહ્યું છે. એમ્બ્યુલન્સને ધક્કા મારીને શરુ કરવી પડે તેવી સ્થિતિ જોવા મળી રહી છે. હાલમાં સિવિલમાં ફાયર અને રીનોવેશન પાછળ લાખો રૂપીયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. ત્યારે એમ્બ્યુલન્સની હાલત કફોડી બની જવા પામી છે. તો કયારેક દર્દીઓને અમદાવાદ ખસેડવા માટે પણ એમ્બ્યુલન્સ ન હોવાથી રાહ જોવાનો વારો આવે છે. ગાંધીનગર સિવિલમાં ૧૧ જેટલી એમ્બ્યુલન્સ હોવા છતા આવી ધક્કા ગાડી જ દર્દીઓના ફાળે જાય છે.બાકી સારી એમ્બ્યુલન્સ તો અધિકારીઓ સરકારી મીટીંગમાં અને કર્મચારીઓ સિવિલના કામમાં ઉપયોગ કરતા હોવાનું ધ્યાને આવ્યું છે. ત્યારે રાજયના પાટનગરની સિવિલમાં જ ધક્કા એમ્બ્યુલન્સ જોવા મળી રહી છે તો અન્ય હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ કેવી હશે તે વિચારવું રહ્યું.

ખૂણેખાંચરેથી

- મહુન્દ્રા ખાતે સાદરા વિદ્યાપીઠની એન.એસ.એસ. શિબિરની આજે પુર્ણાહુતિ થઈ છે. વિદ્યાર્થીઓએ આધુનિક ખેતીના પ્રયોગો માટે શિવપુરા કંપા ગામની મુલાકાત લીધી હતી.
- મહુડીમાં આજથી ત્રિદિવીસય તાલિમનો વર્ગ યુથ કોંગ્રેસ દ્વારા શરૂ કરવામાં આવ્યો છે.
- રાજ્યના પૂર્વમંત્રી આઈ. કે. જાડેજાને હાર્ટએટેક આવતાં અમદાવાદ યુ.એન.મહેતામાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.
- ગાંધીનગર જિલ્લામાં પેયજળના પુરવઠાની માંગમાં પણ ગરમીને પગલે વધારો થવા પામ્યો છે.
- માણસા તાલુકાના માણેકપુર ગામે બેટી બચાવો અંતર્ગત રેલી યોજાઈ હતી.
- શાહપુરની પ્રા. શાળામાં મહિલા દિવસની ઉજવણીને લઈ માતૃવંદનાનો કાર્યક્રમ યોજાયો હતો.
- જિલ્લામાં ખેલ મહાકુંભને લઈ ૧,૨૬,૪૫૭ ખેલાડીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યુ છે.
- ગાંધીનગર શહેરમાં આજે રજાનો દિવસ હોવાથી અને ગરમી હોવાથી લોકોએ ઘરમાંથી બહાર નીકળવાનું ટાળ્યુ હતુ. જેને લઈ શહેરમાં ટ્રાફિકનું ભારણ પણ ઓછુ રહ્યુ હતુ
- ગાંધીનગર શહેર બે દિવસની રજા પછી આજે કચેરીઓ પુનઃ ધમધમતી થશે.
- દહેગામ ખાતે આજે નમો કિશાન પંચાયતનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં મહામંત્રી બાબુભાઈ જેબલિયા, હિતેન્દ્ર પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ, પ્રભારી પ્રકાશભાઈ, જિલ્લા મહામંત્રી રમણભાઈ દેસાઈ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

શહેરના સેકટર-૨૪ શાકમાર્કેટ ખાતે બે પક્ષ વચ્ચે મારામારી

ગાંધીનગર, તા.૧૩

શહેરના સેકટર-૨૪ શાકમાર્કેટ ખાતે મોડી સાંજે બે પરિવારો વચ્ચે સામાન્ય બાબતે બોલાચાલી થઈ હતી. ગણતરીના સમયમાં બોલાચાલીએ ઉગ્ર સ્વરુપ ધારણ કરતા ઝઘડો થયો હતો. આ ઝઘડામાં બે પરિવારોના સભ્યોને નાની મોટી ઈજાઓ થવા પામી હતી. તું પોલીસવાળા સુરેશનો ભાઈ જ ને કહીને ધોકો માર્યો હતો. જયારે તુ મારુ કઈ બગાડી શકીશ નહી ધમકીના આક્ષેપ સાથે સામ સામે પોલીસ ફરીયાદ નોંધાતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સાગર રાજુભાઈ દંતાણી (લેકાવાડા) સેકટર-૨૪ શાકમાર્કેટ માં શાકભાજીની લારી ઉભી રાખી વેપાર કરે છે. ગતરોજ સાંજના સમયે તેની લારીની બાજુમાં ફુટવાળા મુકેશભાઈ લારી પરર સેકટર-૨૪ ખાતે રહેતો સુરેશ દંતાણીએ આવીને શાકભાજી ખરીદી હતી.જયારે શાકભાજીના રૂપીયા માંગતા સુરેશે મુકેશને કહ્યું હતું કે હજુ અહીંસા કોઈને શાકભાજીના રૂપીયા આપતો નથી. તુ મને ઓળખે છે. મારુ કોઈ નામ લેતુ નથી તેમ કહી ગાળો બોલી જતો રહ્યો હતો.ત્યારબાદ મુકેશ તેની પત્ની આશા, અને વિજય ઠપકો આપવા સુરેશના ઘરે ગયા હતા. જયાં તેનો ભાઈ, માતા,બહેન અને હાજર હતા.ત્યારે સુરેશ ને કહ્યું હતું કે તુ દાદાગીરી કેમ કરે છે. અને મફતના શાકભાજી માંગે છે. તેમ કહેતા તે ઉશ્કેરાઈ ગયો હતો અને ધોકાથી માર માર્યો હતો. જેને પગલે સુરેશ દંતાણી, વિજય દંતાણી, હીરા દંતાણી, અને અરૂણા બહેન દંતાણી સામે સેકટર-૨૧ પોલીસ મથકે ધાકધમકી અને મારામારની ફરીયાદ નોંધાઈ છે.

જયારે બીજીતરફ વિજય દંતાણીએ ફરીયાદ નોંધાવી છે કે ઘરે જઈને જમવા માટે બેઠો હતો તે સમયે અરજણ દંતાણી, વિજય દંતાણી, હરગોવિંદ દંતાણી અને સહિત ૩૦ જેટલા સંબંધીઓ ધોકા, લાકડી અને પાઈપો લઈને બુમો પાડતા આવ્યા હતા અને કહ્યું કે મુકેશને કેમ માર્યો છેઅને સુરેશ ક્યાં છે કહીને મારી નાંખો કહીને ધોકો લઈને મારવા લાગ્યા હતા. જેથી પોલીસે બંન્ને પક્ષની ફરીયાદ લઈ આગળની તપાસ હાથ ધરી છે.

ઉનાળાની રાતના સમયે આ સુમસામ માર્ગો ઉપર જાણે ચાંદ સોળે કળાએ ખીલી ફૂલોની સાથે વાતો કરતો હોય એ પણ ચોરી છુપીથી આ કુદરતની કરામત કળાને નિહાળવાનો લ્હાવો એક અલગ જ મજા છે.

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજમાં બોર્ડ પરીક્ષામાં ધ્યાનમાં રાખવાની માહિતીનો સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૩

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ, ઘ-૦માં યુનિટમાં વિદ્યાર્થીઓને બોર્ડ પરીક્ષામાં ધ્યાનમાં રાખવાના અગત્યના મુદ્દાઓ વિશે વિગતવાર માહિતી વાલીઓ અને વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. શાળાના ટ્રસ્ટી ડૉ. પ્રદિપ ગગલાણી અને આચાર્યા જયોતિ ભાવસાર સાથેના પરામર્શના મુદ્દાઓને શાળાના શિક્ષક તુષારકુમારે વિશેષ છણાવટ સાથે અને અસરકારક રીતે વિદ્યાર્થીઓ અને વાલીઓ સુધી પહોંચાડીને વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી શુભકામનાઓ પાઠવી હતી.

ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા સે-૧૯માં નિઃશુલ્ક યોગ વર્ગ

ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા નેશન ફર્સ્ટ સંચાલિત નિઃશુલ્ક યોગ વર્ગનું આયોજન ૧૪ માર્ચથી કરવામાં આવ્યું છે. પ્લોટ નં. ૨૮૬/૧, જી-૧, સે-૧૯ ખાતે નિઃશુલ્ક યોગ વર્ગ યોજાશે. આ નિઃશુલ્ક યોગવર્ગમાં જોડાવવા ઈચ્છતા નાગરિકોએ યોગ શિક્ષક પિયૂષસિંહ સોલંકી મો. ૯૯૭૮૪ ૬૦૬૮૬નો સપંર્ક કરવા જણાવાયું છે.

નેશનલ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીમાંથી રૂ.૧.૧૮ લાખના ૩૦ બંડલ વાયરની ચોરી

ગાંધીનગર, તા.૧૩

શહેરના સેકટર-૯ સ્થિત નેશનલ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીના કેમ્પસમાં બની રહેલ ટ્રેનીંગ સેન્ટર બિલ્ડીંગના પ્રથમ માળે આવેલા સ્ટોરરૂમની બારીનું પતરુ ખોલીને રૂ.૧.૧૮ લાખના ૩૦ બંડલોની ચોરી કરી ચોર શખ્સો પલાયન થઈ ગયા છે.ત્યારે વાયર ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદ ખાતે રહેતા આનંદકુમાર દિનેશભાઈ ખ્રીસ્તી છેલ્લા એક વર્ષથી વાડજ ઈ-સ્કવેર એન્જીનિયરીંગ ઈલેકટ્રીક કંપનીમાં ઈલેકટ્રીક એન્જીનિયર તરીકે નોકરી કરે છે. ત્યારે છેલ્લા બે વર્ષથી કટીરા કંન્સ્ટ્રકશન લીમીટેડ કંપનીની સાઈટ સેકટર-૯ નેશનલ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી કેમ્પસ માં ટ્રેનીંગ સેન્ટર અને ગેસ્ટ હાઉસ બનાવવા સાઈટ ચાલી રહી છે. આ સાઈટ પર ઈલેક્ટ્રીકનો કોન્ટ્રાકટ ઈ-સ્કવેર ઈલેકટ્રીક કંપનીને આપ્યો છે. જયાં આનંદભાઈ સુપરવાઈઝર તરીકે કામ કરે છે. જયારે કંપનીના માલિક જયકિશન જોશી અને વિશાલ બ્રહ્મભટ્ટ છે. જયારે ઈલેક્ટ્રીક વાયરીંગ માટે આર.આર.કંપનીના કેબલ વાપરીએ છીએ. જયારે વાયરના બંડલો અને અન્ય ચીજવસ્તુઓ કેમ્પસમાં બની રહેલી ટ્રેનીંગ સેન્ટરની બિલ્ડીંગના પ્રથમ માળે આવેલા સ્ટોરરૂમમાં મુકવામાં આવે છે. ગત તા.૯ માર્ચના રોજ સાંજે ૬ વાગે નોકરી પુરી કરીને સ્ટોરને લોક મારી આનંદભાઈ ઘરે જવા માટે નીકળી ગયા હતા. જયારે સવારે ૧૦ વાગે આનંદ ભાઈ નોકરી પર આવીને સ્ટોરરૂમ ખોલીને જોયુ તો સ્ટોર રૂમની બારીને પતરુ માર્યું હતું તે પતરૂ કોઈએ ખોલી દીધુ હતું. જેથી સામાન ચેક કરતા વાયરોની ઘટ જણાઈ હતી. જેથી આરઆર કંપનીના ૨.૫ એમએમ સાઈઝના કુલ ૨૫ કોઈલ અને ૧.૫ સ્કવેરસાઈઝના પાંચ કોઈલ વાયર કિં.૧૩ હજારના વાયરો હતા નથી. વાયરો અંગે આસપાસના વિસ્તારમાં પણ શોધખોળ આદરી હતી.પરંતુ વાયરો મળી આવ્યા ન હતા. જેથી બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સાસુ-વહુના સંબંધો હંમેશા અટપટા રહ્યા છે. લગ્ન કરીને ઘરમાં આવેલી વહુના કારણે સાસુને ક્યારેક એવુ લાગે છે કે તેનુ આધિપત્ય, તેનુ ઘર તેના હાથમાંથી નીકળી જશે તો..! પરંતુ આ જ સાસુ જો વહુને દિકરી સમજે અને ધીમે ધીમે ઘરના કામકાજમાં અને સમાજના રીતરિવાજોમાં પ્રેમથી વળોટે તો ક્યારેક સાસુ-વહુની જોડી સુપરડુપર હીટ સાબિત થાય છે, અને સમાજમાં દાખલારૂપ કામ કરે છે. હમણાં જ કાળમુખા કોરોનામાં પોતાની પ્રેમાણ સાસુને ગુમાવ્યા બાદ વહુએ દિવસોનો ઝુરાપો સહન કર્યો. આખરે 'સાસમા'ની યાદમાં વહુએ ભારતી ફાઉન્ડેશનની રચના કરી સાસુમાની યાદને કાયમ માટે જીવંત બનાવી દીધી છે. ભારતી ફાઉન્ડેશન દ્વારા જરૂરીયાતમંદ વ્યક્તિઓ અને પક્ષીઓની સેવા કરવાનો યજ્ઞ તેમણે આરંભ્યો છે. ઉનાળો શરૂ થયો છે ત્યારે ભારતી ફાઉન્ડેશન મારફતે ૩૦૦ કુંડાઓનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ભારતી ફાઉન્ડેશન હજુ પણ તેના સેવાકાર્યો સતત ચાલુ રાખી જરૂરીયાતમંદ વ્યક્તિઓને મદદરૂપ બનશે અને જીવદયાના કાર્યો પણ કરશે.

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી દ્વારા પાંચ દિવસીય વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા. ૧૩

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, ભાટ અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે પાંચ દિવસના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો મુખ્ય વિષય ઉડી ડીજાઈન, ઉડી મોડેલિંગ અને ઉડી પ્રિન્ટિંગ ઓફ રોબોટિક આર્મ અને સોલીડ વર્ક હતો. જેમાં ૫૫થી વધુ વિદ્યાર્થી તેમજ પ્રાધ્યાપક મિત્રો જોડાયા હતા.

જેમાં મુખ્ય અતિથિ તરીકે ડૉ. ચંદન ચેટરજીએ હાજરી આપી હતી તેમજ એક્ષ્પર્ટ તરીકે જિગ્નેશ પટેલ (ડાઈરેક્ટર, ખોડિયાર કેડ સેંટર) જતિન પટેલ વગેરે જોડાયા હતા.

હાલમાં વિશ્વફલક પર સૌથી વધુ પ્રચલિત ટેકનોલોજિ જેવી કે રોબોટિક્સ અને ઉડી પ્રિન્ટિંગ, ડીજાઈન અને મોડેલિંગની ખૂબ જરૂરિયાત છે જેને ધ્યાને લેતા વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે આ પ્રકારે વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંસ્થામાં ડાઈરેક્ટર ધર્મેશ વંડરાએ જણાવ્યુ હતું કે આગામી સમયમાં શ્રી સ્વામિનારાયણ ટેકનોલોજી ભાટ ગાંધીનગર દ્વારા આ પ્રકારના વર્કશોપ થકી અમે આજના સમયે ઈજનેરીની વિવિધ શાખામાં આયોજન કરવામાં આવશે તેમજ પ્રિન્સિપાલ હિતેશ વંડરાએ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ આપી હતી.

એ.વી.વી. ઈંગ્લીશ મીડિયમ સ્કૂલમાં ધો-૧૦ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૧૩

વેદ ઈન્ટિગ્રેટે કેમ્પસ દ્વારા સંચાલિત એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારંભ યોજાયો હતો. શાળા પરીવાર દ્વારા પરીક્ષામાં કઈ રીતે સારા માર્કસ મેળવી અને ઉત્તીર્ણ થવું તે અંગે માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

સરઢવ સેવા કેન્દ્ર ખાતે બ્રહ્માકુમારી દ્વારા વિશ્વ મહિલા દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૧૩

આઝાદીના અમૃત મહોત્સવને આઝાદીના અમૃત મહોત્સવથી સ્વર્ણિમ ભારત કી ઓર કાર્યક્રમ અંતર્ગત પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, સરઢવ સેવા કેન્દ્ર ખાતે વિશ્વ મહિલા દિવસ અને સંસ્થાના પૂર્વ મધ્ય પ્રશાસિકા ગુલઝાર દાદીજીના પ્રથમ દિવસિય સ્મૃતિ દિવસ 'દિવ્યતા દિવસ' નિમિતે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સરઢવના નવ નિયુકત સરપંચ કિરીટભાઈ પટેલ તથા ગામની અગ્રગણ્ય મહિલા પ્રતિભાઓનું તાજ, તિલક, પુષ્પગુચ્છ અને ઈશ્વરીય સોગાત આપી સ્વાગત સન્માન રાજયોગીની કૈલાશદીદી અને હિરલબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

આંગણવાડી કાર્યકર અને તેડાગરની ભરતી માટે આજથી ઓનલાઈન પ્રક્રિયા આરંભાશે

ગાંધીનગર, તા. ૧૩

જિલ્લામાં આવેલ આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોની ભરતી માટેની ઓનલાઈન પ્રક્રિયાનો આજથી આરંભ થશે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં હાલ ૧૦૫૦થી વધુ આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકરની ૮૦ થી વધુ જગ્યાઓ અને તેડાગર બહેનોની ૧૦૫ થી વધુ જગ્યાઓ ખાલી પડેલી છે.

પહેલાં ભરતી માટે અરજીઓ માંગવામાં આવતી હતી પરંતુ ગત વર્ષથી આ ભરતી પણ ઓનલાઈન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત એ પ્રથમ રાજ્ય છે કે જ્યાં આંગણવાડી કાર્યકર અને તેડાગરની ભરતી માટે ઓનલાઈન કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

મળતી વિગતો પ્રમાણે આ ઓનલાઈન અરજી ૪ એપ્રિલ સુધી સ્વીકારવામાં આવશે અને તે પછી કોમ્પ્યુટર દ્વારા જ મેરીટ લીસ્ટ તૈયાર કરવામાં આવશે. આ અરજી વિલેજ કોમ્પ્યુટર સાહસિક પાસે જઈ પણ ઓનલાઈન કરાવી શકાશે તેવો નિર્ણય લેવામાં આવેલ છે.

ગાંધીનગર કોર્ટમાં નેશનલ લોક અદાલત યોજાઈ

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ, સુપ્રિમકોર્ટ, દિલ્હી તેમજ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, ગુજરાત હાઈકોર્ટ સોલા અમદાવાદની સુચના અનુસાર અત્રેની જિલ્લા કાનૂની સત્તામંડળ ગાંધીનગર દ્વારા તા. ૧૨મી માર્ચ ૨૦૨૨ના રોજ યોજાયેલ નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું તેમજ સદરહુ નેશનલ લોક અદાલત નામ. ગુજરાત હાઈકોર્ટના નામ. ચીફ જસ્ટીસ અરવિંદકુમાર દ્વારા ગાંધીનગર કોર્ટની નેશનલ લોક અદાલત સમયે રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી. તેમજ નામ. ચીફ જસ્ટીશ દ્વારા મોટર અકસ્માત વળતરના કેસમાં પ્રત્યક્ષ હાજર રહીને વીમા કંપની તેમજ પત્રકારો વચ્ચે સમાધાન કરાયેલ. તેમજ સદરહુ મુલાકાત સમયે નામ. ચીફ જસ્ટીશ સાથે ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, અમદાવાદના માન. સભ્ય સચિવ આર.એ. ત્રિવેદી હાજર રહેલ. તેમજ ઈ.ચા. અધ્યક્ષ એસ.એન. સોલંકી સાહેબ તથા સચિવ વી.એસ. ગઢવી સાહેબ, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ગાંધીનગરના આજે લોક અદાલતને વધુ સફળ બનાવવા જરૂરી સૂચનો આપ્યા.

જિલ્લામાં ગ્રામ્યકક્ષાએથી ખેલ મહાકુંભનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૩

ખેલમહાકુંભ(૧૧)-૨૦૨૧-૨૨નું ગુજરાત સરકારશ્રીના રમતગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ તથા સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા અને જિલ્લા વહિવટીતંત્ર, ગાંધીનગર તથા જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા આયોજીત દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત ખેલમહાકુંભ જેમાં શાળા/ગ્રામ્ય/તાલુકા/ઝોન/જિલ્લા/મહાનગરપાલિકા/ઝોન (ટીમ રમત) તથા રાજ્યકક્ષાની સ્પર્ધાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

જેના અનુસંધાને ખેલમહાકુંભ (૧૧)-૨૦૨૧-૨૨માં બહોળી સંખ્યામાં સ્પર્ધકો ભાગ લે તે હેતુથી પ્રથમ શાળા/ગ્રામ્ય/ઝોન/તાલુકા/જિલ્લા/મહાનગરપાલિકા અને ઝોન (ટીમ રમત)/રાજ્યકક્ષા સુધી વિવિધ રમતોનો જુદા જુદા વયજુથમાં સમાવેશ કરી સ્પર્ધાનું આયોજન કરવામાં આવનાર છે. જેનું ઓનલાઈન રજીસ્ટ્રેશન https://khelmahakumbh.gujarat.gov.in વેબસાઈટ ઉપર તા.૧૮-૦૨-૨૦૨૨ થી તા.૧૧-૩-૨૦૨૨ સુધી શરૂ કરવામાં આવેલ. જેમાં તમામ વયજૂથની વિવિધ રમતોમાં ગ્રામ્યકક્ષાએ કુલ ૯૫,૧૫૭ તથા શહેરકક્ષાએ કુલ ૩૧,૩૦૦ જેટલું રજીસ્ટ્રેશન થયેલ છે.

ગાંધીનગર સહિત રાજ્યભરમાં રાજ્ય સરકારશ્રી દ્વારા ખેલમહાકુંભ (૧૧)નું આયોજન કરવામાં આવી રહ્યુ છે. ખેલમહાકુંભનો ઉદ્ઘાટન કાર્યક્રમ ૧૨મી માર્ચના રોજ સરદાર પટેલ સ્ટેડિયમ, અમદાવાદ ખાતે વડાપ્રધાનના વરદહસ્તે કરવામાં આવેલ. ખેલમહાકુંભ(૧૧)ની સંભવિત તારીખો જાહેર કરી છે તે મુજબ આગામી તા. ૧૪ થી ૧૮ માર્ચ દરમિયાન શાળા-ગ્રામ્યકક્ષાએથી ખેલમહાકુંભ (૧૧)ની વિવિધ રમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવનાર છે. આગામી તા.૨૦ થી ૨૬ માર્ચ દરમિયાન તાલુકાકક્ષાની તથા સીધી જિલ્લા/મહાનગરપાલિકા કક્ષાએથી શરૂ થતી સ્પર્ધાઓ યોજાશે.

વધુમાં, તા. ૩ થી ૧૨ મે દરમિયાન તાલુકા/ઝોનકક્ષાએ વિજેતા ખેલાડીઓ માટે જિલ્લા/નગરપાલિકાકક્ષાની સ્પર્ધાઓ યોજાશે તથા તા.૧૫ થી ૧૯ મે દરમિયાન ઝોન(રાજ્યકક્ષા) અને તા.૧૫ થી ૨૯ મે દરમિયાન રાજ્યકક્ષા તથા સીધી રાજ્યકક્ષાએ યોજાતી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

ઉક્ત અન્વયે ખેલમહાકુંભ (૧૧)માં જુદી જુદી કક્ષાની સ્પર્ધામાં ૦૧ થી ૦૩ ક્રમ મેળવનાર ખેલાડીઓને પુરસ્કાર આપી સન્માનીત કરવામાં આવતા હોય છે તેવુંજિલ્લા રમત ગમત અધિકારીશ્રી, ગાંધીનગર દ્વારા જણાવ્યું છે.